


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग "जन फरियाद"
R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Valid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-22 ■ અંક-16 ■ તા. 15-04-2018 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

ત્રીજા વિશ્વયુદ્ધના ભણકારા,સીરિયામાં અમેરિકાના મિસાઈલ હુમલાને ફ્રાંસ-બ્રિટને પણ સાથ આપ્યો

# સીરિયામાં અમેરિકાનો 'મિસાઈલ એટેક' : રશિયા લાલઘૂમ

વૉશિંગ્ટન/મૉસ્કો,

અમેરિકાએ સીરિયાની વિરૂદ્ધ યુદ્ધની જાહેરાત કરી દીધી છે. મીડિયા રિપોર્ટ્‌સના મતે સીરિયાની રાજધાની દમિશ્કમાં હવાઈ હુમલો કરાયો. અમેરિકાની આ કાર્યવાહીમાં બ્રિટન અને ફ્રાન્સ પણ સાથે છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રને સંબોધિત કરતાં કહ્યું કે અમેરિકાએ સીરિયાની વિરૂદ્ધ યુદ્ધ છેડી દીધું છે અને તેમાં બ્રિટન અને ફ્રાન્સ પણ સામેલ છે.

સીરિયામાં અમેરિકન હુમલાથી રશિયા ભડક્યું છે. રશિયાન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન બોલ્યા અપમાન સહન કરાશે નહીં. મીડિયા રિપોર્ટ પ્રમાણે એક રૂસી રાજદૂતે ચેતવણી ભર્યા લહેકામાં કહ્યું કે અમેરિકા હુમલા બાદ હવે પરિણામ ભોગવવા માટે તૈયાર રહે. સીરિયામાં થયેલા હુમલાને ધ્યાનમાં રાખીને રશિયાએ યુનાઈટેડ નેશન સિક્યોરિટીની એક ઈમરજન્સી બેઠક બોલાલી છે.

ગૃહયુદ્ધની આગમાં સળગી રહેલા સીરિયામાં મિસાઈલ અને હવાઈ હુમલા શરૂ થઈ ગયા છે. સીરિયામાં કેમિકલ હુમલાના જવાબમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મિસાઈલ હુમલાના આદેશ આપવાની સાથે જ લશ્કરી કાર્યવાહી શરૂ કરાઈ છે. બ્રિટન અને ફ્રાંસે પણ અમેરિકાને સાથ આપ્યો છે. તેની સાથે જ સીરિયાના રાષ્ટ્રપ્રમુખ બશર અલ અસદે ટ્વિટ કરીને પ્રતિક્રિયા આપતા કહ્યુ છે કે સારી આત્માઓને દબાવી શકાશે નહીં.

સીરિયામાં હુમલાના એલાનની સાથે દમિશ્કની નજીક વિસ્ફોટોના અવાજ સંભળાયા છે. અમેરિકાએ કાર્યવાહીમાં યુદ્ધવિમાનો અને યુદ્ધજહાજોનો પણ ઉપયોગ કર્યો છે. આ હુમલામાં ઘણાં પ્રકારના બોમ્બનો ઉપયોગ થઈ રહ્યો છે. રશિયાએ અમેરિકાની મિસાઈલો તોડી પાડવાની ચેતવણી આપી છે. જેને કારણે સીરિયામાં મહાસત્તાઓ વચ્ચેનો તણાવ એક વૈશ્વિક સમસ્યાને વધુ ડખોળનારી સાબિત થવાની શક્યતાઓ વ્યક્ત થઈ રહી છે.

એક તરફ અમેરિકા સીરિયામાં બીજી વખત કેમિકલ વેપન્સના ઉપયોગનો આરોપ લગાવી રહ્યું છે. તો બ્રિટનના વડાંપ્રધાન થેરેસા મેએ કહ્યું છે કે સીરિયામાં હુમલો કરવા સિવાય કોઈ વિકલ્પ બાકી બચ્યો ન હતો. મહત્વપૂર્ણ છે કે તાજેતરમાં સીરિયાના ડૂમામાં કેમિકલ એટેક કરવામાં આવ્યો હતો અને તેના કારણે બાળકો અને મહિલાઓ સહીત પાંચસો લોકો અસરગ્રસ્ત બન્યા હતા. આ હુમલાની આખી દુનિયામાં ટીકાઓ થઈ હતી. અમેરિકા દ્વારા રશિયા, ઈરાન અને સીરિયાના રાષ્ટ્રપ્રમુખ બશર અલ અસદ પર આરોપ લગાવ્યા હતા.

અમેરિકાના જોઈન્ટ ચીફ્સ ચેરમેન જનરલ જોસેફ ડુનફોર્ડનું કહેવું છે કે રશિયાના સુરક્ષાદળો સાથે ટકરાવનું જોખમ ઓછું હોય તેવા સીરિયન સરકારના ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા છે. અમેરિકાના સંરક્ષણ પ્રધાન જેમ્સ મેટિસે પણ કહ્યુ છે કે સીરિયાની સરકારે છેલ્લા કેમિકલ એટેક બાદની ચેતવણીમાંથી કોઈ બોધપાઠ લીધો નથી. તેને કારણે આકરું પગલું ઉઠાવવું પડયું છે.

જો કે સીરિયાની આગ વિશ્વને દઝાડે તેવી સંભાવનાઓ આકાર લઈ રહી છે. સીરિયા દ્વારા અમેરિકાની મિસાઈલોને તોડી પાડવાની ચેતવણી આપવામાં આવી છે. રશિયા દ્વારા અમેરિકા સામે આકરા તેવરો અખત્યાર કરવામાં આવ્યા હોવાને કારણે સીરિયાનો તણાવ વૈશ્વિક સ્તરે પણ ઘેરો બને તેવી શક્યતાઓ છે.

અમેરિકામાં રશિયાના દૂતાવાસે કહ્યુ છે કે રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિનનું અપમાન ક્યારેય સહન કરવામાં નહીં આવે. સીરિયા પર હવાઈ હુમલાથી અમેરિકા અને પશ્ચિમી દેશોના ગઠબંધન તથા રશિયા વચ્ચે ટકરાવની આશંકા વધી ગઈ છે.

રશિયા અને અમેરિકા વચ્ચે કોઈ સૈન્ય ટકરાવ સર્જાવાની સ્થિતિમાં વૈશ્વિક પરિવેશ કલૂષિત થવાની અને તેના વિશ્વ યુદ્ધમાં ફેરવાય તેવી પ્રબળ શક્યતાઓની આશંકાને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતાઓ પણ વધી છે.

સીરિયાના ગૃહયુદ્ધમાં અસદની સરકારને રશિયા, ઈરાન અને હિઝબુલ્લાનો ટેકો મળ્યો છે. તો અસદ સામે લડી રહેલા બંડખોર જૂથોને અમેરિકાની ગઠબંધન સેના. તુર્કી અને સાઉદી અરેબિયાના દોરીસંચારવાળી ખાડી દેશોની સેનાનો સાથ મળ્યો છે. રક્કામાં આઈએસના ખાત્મા બાદ હવે સીરિયામાં તુર્કી સેનાઓ આફરીન પ્રાંતમાં કાર્યવાહી કરી રહી છે.

મિડલ ઈસ્ટ સૂત્રોના જણાવ્યા અનુસાર, સીરિયાનો સરમુખત્યાર બશર અલ-અસદે રશિયાની મદદથી સીરિયા છોડી દીધું છે. અસદ હાલ તેના નજીકના મિત્રો સાથે ઈરાન પહોંચી ગયો છે. સીરિયાની મિલિટરીને પણ તેઓના જેટ્સ રશિયન કંટ્રોલ એરફિલ્ડમાં લાવી દેવાના આદેશ આપી દેવામાં આવ્યા છે. જેથી યુએસ સૈન્ય તેને નુકસાન ના પહોંચાડી શકે.

આપને જણાવી દઈએ કે પૂર્વ ગુટાના ડુમામાં તાજેતરમાં સીરિયા દ્વારા રાસાયણિક હથિયારોનો ઉપયોગ થવાના લીધે જાન-માલને ભારે તબાહી મચી હતી. આ હુમલામાં ૭૦થી વધુ લોકોના મોત થયા. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ હુમલા માટે સીરિયન સરકારને દોષિત ગણાવી સૈન્ય કાર્યવાહીની ચેતવણી આપી હતી. અમેરિકાએ તે સમયે જ રશિયાને પણ હુમલા માટે દોષિત ગણાવી નિવેદન રજૂ કર્યું હતું.





અમદાવાદના છેવાડે આવેલું ભાડજ સ્થિત હરેકૃષ્ણ મંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે મોટી સંખ્યામાં ઉમટી પડેલા ભાવિકોની ઉપસ્થિતિમાં સંઘકાળે કરાયેલી આરતીને લઇ નયનરમ્ય - દિવ્ય નજારો સર્જાયો હતો.

છત્તીસગઢના બીજાપુરમાં કેન્દ્રની મહત્ત્વાકાંક્ષી આયુષ્યમાન ભારત યોજના

# આંબેડકરના કારણે ગરીબ માનો દીકરો વડાપ્રધાન બન્યો : મોદી

ન્યુ દિલ્હી/રાયપુર,

નરેન્દ્ર મોદીએ શનિવારે છત્તીસગઢના બીજાપુરમાં કેન્દ્રની મહત્વાકાંક્ષી 'આયુષ્માન ભારત' યોજના હેઠળ પહેલા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું. મોદીએ બંધારણના નિર્માતા બાબાસાહેબ ભીમરાવ આંબેડકરને જન્મજયંતી પર યાદ કર્યા. મોદીએ કહ્યું, ×આજે બબાસાહેબના કારણે એક ગરીબ માનો દીકરો વડાપ્રધાન બની શક્યો. મારા જેવા લાખો-કરોડો લોકોની આકાંક્ષાઓ, અપેક્ષાઓને જગાડવામાં બાબાસાહેબનું બહુ મોટું યોગદાન છે.× મોદીએ કહ્યું કે આ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ગરીબોના ફેમિલિ ડોક્ટર તરીકે કામ કરશે. આયુષ્માન ભારતની વિચારધારા ફક્ત સેવા સુધી સીમિત નથી, પરંતુ જન ભાગીદારીનું આહ્વાન છે. ઉલ્લેખનીય છે કે આ નાણાકીય વર્ષમાં ૧૮,૮૪૦ હેલ્થ સબ સેન્ટરને વેલનેસ સેન્ટરમાં બદલવામાં આવશે. આ માટે કેન્દ્ર સરકાર અલગથી ૧૨૦૦ કરોડ રૂપિયાના બજેટની જોગવાઇ કરી છે.

મોદીના કહેવા પ્રમાણે, જ્યારે અમે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરની વાત કરીએ છીએ તો અમારો પ્રયત્ન ફક્ત બીમારીનો ઈલાજ કરવાનો નથી, પરંતુ અમારો પ્રયત્ન બીમારીને રોકવાનો પણ છે.

×દેશમાં ડાયાબીટિસ, હૃદયરોદગ, શ્વસનની બીમારીઓ, કેન્સર વગેરેને કારણે ૬૦% મૃત્યુ થાય છે. આ બીમારીઓની સમયસર જાણ થઇ જાય તો તેને વધવામાંથી રોકી શકાય. હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર પર તમામ તપાસ મફતમાં કરવાનો પ્રયાસ કરવામાં આવશે. યોગ્ય સમયે થતી તપાસ ફાયદાકારક હોય છે. માની લો કે ૩૫ વર્ષનો કોઇ યુવાન તપાસ કરાવે અને બ્લડપ્રેશરની સમસ્યાની જાણ થાય તો ભવિષ્યમાં થનારી ગંભીર બીમારીઓથી તે બચી શકે છે.×

દેશભરમાં દલિતો પર થઈ રહેલા અત્યાચાર અને એસસી-એસટી કાયદાને લઈને કોંગ્રેસ સહિત વિરોધ પક્ષો તરફથી ટીકાઓનો સામનો કરી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બાબા સાહેબ ભીમરાવ આંબેડકરની ૧૨૭મી જયંતી પર વિરોધીઓને સણસણતો જવાબ આપ્યો હતો. પીએમ મોદીએ કહ્યુ હતું કે, અતિ પછાત સમાજમાંથી આવનારો તમારો સાથી, જો આજે વડાપ્રધાન છે, તો તે બાબા સાહેબની જ દેન છે.

પીએમ મોદીએ એક કાર્યક્રમમાં જનસભાને સંબોધિત કરતા કહ્યું હતું કે, ૧૪ એપ્રિલનો દિવસ દેશના સવા સો કરોડ લોકો માટે ખુબ જ મહત્વપૂર્ણ છે. આજે ભારત રત્ન બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિ છે. આજના દિવસે તમારી વચ્ચે આવીને આશિર્વાદ મેળવવાનો અવસર મળ્યો તે સૌભાગ્યની વાત છે.

છત્તિસગઢના બીજાપુરમાં એક રેલીને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટીકાકારોને જવાબ આપતા અને પાછલી સરકારો પર પ્રશ્ન ઉઠાવતા કહ્યું હતું કે, સ્વતંત્રતા બાદ આટલા વર્ષોમાં પણ આ જીલ્લા પછાત તેમાં તમારી કોઈ જ ભુલ નથી. બાબા સાહેબના બંધારણે એટલી બધી તકો આપી છે, આગળ વધવા પ્રેરિત કર્યા, પરંતુ તેમ છતાંયે બીજાપુર જેવા જેલ્લા, વિકાસની દોડમાં પાછળ કેમ છે?

વડાપ્રધાને કહ્યુ હતું કે, બાબા સાહેબ ઉચ્ચ શિક્ષિત હતાં. જો તે ઈચ્છત તો દુનિયાના કોઈ સમૃદ્ધ દેશમાં જઈને ખુબ જ સારી જીંદગી વિતાવી શક્યા હોત પરંતુ તેમણે એમ ના કર્યું. વિદેશમાં અભ્યાસ કરીને પર ફર્યા અને પોતાનું જીવન પછાત, વંચિત, દલિતો અને આદિવાસીઓ માટે સમર્પિત કરી દીધું. વિકાસની દોડમાં જે લોકો પાછળ રહી ગયાં તેમનામાં અધિકારની આકાંક્ષા જાગી, ચેનતા જાગી જે બાબા સાહેબ આંબેડકરની જ દેન છે.

વડાપ્રધાન મોદીએ વધુમાં ઉમેર્યું હતું કે, એક ગરીબ માતાનો પુત્ર, અતિ પછાત સમાજમાંથી આવનાર તમારો સાથીદાર દેશનો વડાપ્રધાન છે તે બધી જ બાબા સાહેબની જ દેન છે. વડાપ્રધાને ગ્રામ સ્વરાજ અભિયાનની પણ શરુઆત કરી. તેમણે કહ્યું હતું કે, આ અભિયાન શોષિત, દલિત, વંચિત મહિલાઓને શક્તિ પ્રદાન કરવાનું શરૂ કર્યું જે આજથી ૫ મે સુધી ચલાવવામાં આવશે. બાબા સહેબની જયંતિ પર કેન્દ્ર સરકાર અને રાજ્યની જે યોજનાઓની શરૂઆત થઈ, તે નવા કીર્તિમાન સ્થાપિત કરશે.

## પ્રિય પ્રધાનમંત્રીજી,લાંબા સમયના મૌન બાદ આપેલા નિવેદન બદલ આપનો આભાર : રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પુછ્યું છે કે દેશની જનતા જાણવા ઈચ્છે છે કે તેની દીકરીઓને ક્યારે ન્યાય મળશે. રાહુલ ગાંધીએ કઠુઆ અને ઉન્નાવ કેસ મામલે લાંબા સમય બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવેદનને લઇને આભાર વ્યક્ત કર્યો હતો.

રાહુલ ગાંધીએ ટ્વિટ કરી કહ્યું 'પ્રિય પ્રધાનમંત્રીજી, લાંબા સમયના મૌન બાદ આપેલા નિવદનનો આભાર.તમે કહ્યું આપણી દિકરીઓને ન્યાય મળશે. ભારતની જનતા જાણવા ઈચ્છે છે કે ક્યારે ન્યાય મળશે?

ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારના રોજ દિલ્હી ખાતેના એક કાર્યક્રમમાં કહ્યું હતું હું દેશના લોકોને ભરોસો આપું છું કે કોઇ અપરાધીને છોડવામાં આવશે નહીં.

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કઠુઆ અને ઉન્નાવ મામલે આપેલાં ર મોદીના નિવેદનનો આભાર માન્યો. આભાર માનતા કટાક્ષ કર્યો કે, ભારતની દીકરીઓને ન્યાય કયારે મળશે એ દેશ જાણવા માગે છે. આ અંગે રાહુલે ટ્વીટ કરી કહ્યું છે કે, 'પ્રિય પ્રધાનમંત્રી જી. તમે લાંબી ચુપકીદી તોડી એ બદલ આભાર.

તમે કહ્યું હતુ કે આપણી દીકરીઓને ન્યાય મળશે. તો ભારત જાણવા માગે છે કે કયારે પ..' પ્રધાનમંત્રી મોદીએ દિલ્હીના એક સમારોહમાં નિવેદન આપતા કહ્યું હતું કે, હું દેશને વિશ્વાસ અપાવું છું કે કોઈ પણ ગુનેગારને છોડવામાં નહીં આવે.

બીજી તરફ, કોંગ્રેસ પ્રવકતા અભિષેક સિંઘવીએ કહ્યું કે, કઠુઆ અને ઉન્નાવની ઘટના સામાન્ય નથી. આ ઘટનાએ દેશને કલંકિત કર્યો છે.

# બાબા સાહેબે સમાજના નબળા વર્ગને આગળ વધવાની આશા જગાવી હતી : પીએમ મોદી

ન્યુ દિલ્હી,

આજે એટલે કે શનિવારના રોજ આંબેડકર જયંતીના અવસર પર આખો દેશ બાબા સાહેબ ભીમરાવ આંબેડકરને શ્રદ્ધાંજલિ આપી રહ્યાં છે. આ અવસર પર કૉંગ્રેસ અને ભાજપના તમામ નેતા ભીમરાવ આંબેડકરને શ્રદ્ધાંજલિ અર્પિત કરતાં દેખાયા. સંસદ ભવનમાં કૉંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી અને ભાજપના દિગ્ગજ નેતા લાલ કૃષ્ણ અડવાણીએ પણ ભીમરાવ આંબેડકરને શ્રદ્ધાંજલિ આપી. જો કે આ અવસર પર રાહુલ ગાંધી અને અડવાણી એક સાથે દેખાયા. તસવીરોમાં જોઇ શકાય છે કે કેવી રીતે લાલ કૃષ્ણ અડવાણીની સાથે રાહુલ ગાંધી દેખાઇ રહ્યાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આંબેડકર જયંતી પર શુભકામનાઓ આપી છે. તેમણે ટ્વીટ કરી લખ્યું, 'પૂજય બાબા સાહેબે લાખો ગરીબ અને સમાજના હાંસિયા પર ઉભેલા શોષિત લોકોને આશા આપી. આપણા સંવિધાનના નિર્માણના પ્રયાસો માટે અમે સદા તમારા આભારી રહીશું. તમામ દેશવાસીઓને આંબેડકર જયંતીની શુભકામનાઓ. જય ભીમ!' ઉલ્લેખનીય છે કે બીઆર આંબેડકરનો જન્મ ૧૪ એપ્રિલ, ૧૮૯૧ના રોજ મધ્યપ્રદેશના મહ નામના એક ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ રામજી માલોજી સકપાલ હતું. તેમના પિતા બ્રિટિશ ભારતીય સેનામાં કામ કરતાં હતા. તેઓ પોતાના માતા-પિતાનું ૧૪મું સંતાન હતા. તેઓ મહાર જાતિથી સંબંધ ધરાવતા હતા, જેને હિન્દુ ધર્મમાં અછૂત મનાતો હતો.

# ત્રીજા મોરચાનું નેતૃત્વ માટે મમતા,શરદ પવાર, કે ચંદ્રશેખર રાવના મોખરે

ન્યુ દિલ્હી,

એનસીપી પ્રમુખ શરદ પવારની વાત કરીએ તો ભાજપ વિરૂદ્ધના વિપક્ષી જોડાણનું નેતૃત્વ કરવાની મંશા ધરાવતા નેતાઓમાં તેમનો પણ સમાવેશ થાય છે. પરંતુ તેમની વિશ્વનીયતાને લઈને સવાલ ઉભા થઈ શકે. રાજનીતિમાં તેમને ચતુર અને માત્ર પોતાનું હિત જોનારા નેતા તરીકે ગણવામાં આવે છે. આ ઉપરાંત તેમની ૭૮ વર્ષની ઉંમર પણ તેમની વિરૂદ્ધનું ફેકટર છે.

બિનભાજપી મોરચાનું નેતૃત્વ કરવામાં સક્ષમ વ્યક્તિ તરીકે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીનું નામ સૌથી આગળ છે. આ ઉપરાંત તેમની ઉંમર પણ ૪૮ વર્ષ છે. તેમની યુવા નેતા તરીકેની છાપ કારગર સાબિત થઈ શકે. પરંતુ વિપક્ષી પાર્ટીઓમાં ઘણા પીઢ નેતાઓ છે કે જે રાહુલની આગેવાનીમાં કામ કરવા માટે કદાચ તૈયાર થાય નહીં. મમતા બેનર્જી પોતાને વિપક્ષી જોડાણના ચહેરા તરીકે સ્થાપિત કરવા માટે મથામણ કરી રહ્યા છે. દિલ્હીમાં તેમના સહયોગી કેજરીવાલ પણ તેમના પ્રત્યે પૂર્ણ સમર્થન જતાવે છે. પરંતુ અગ્નિકન્યાની છબી માત્ર પશ્ચિમ બંગાળ સુધી જ સમેટાયેલી છે. તેલંગાણાના મુખ્યપ્રધાન કે.ચંદ્રશેખર રાવે ત્રીજો મોરચો ઉભો કરવાની કવાયત તો આદરી. પરંતુ બિનભાજપી મોરચાનું નેતૃત્વ કેસીઆરને મળે તેવી સંભાવના ઘણી ઓછી વર્તાઇ રહી છે. તેમનું રાજકીય સામ્રાજ્ય માત્ર તેલંગાણા સુધી સિમિત છે. આ ઉપરાંત તેલંગાણાને બાદ કરતા હિન્દી બેલ્ટ અને દક્ષિણના રાજ્યોમાં તેમનો કોઇ પ્રભાવ નથી. તેવામાં તેમના નામ સામે પણ સવાલો ઉઠી શકે છે. અન્ય નેતાઓની વાત કરીએ તો અખિલેશ યાદવ અને માયાવતી પણ ઉત્તરપ્રદેશથી આગળ વધી શક્યા નથી. બિનભાજપી તરીકે નીતિશકુમાર એક એવો ચહેરો છે કે જે વિપક્ષનું નેતૃત્વ કરી શકે.પરંતુ નીતિશકુમારે પોતે જ ભાજપ સાથે હાથ મિલાવીને પીએમ પદના ઉમેદવારની વાતનો છેદ ઉડાવી દીધો.

# તેજસ્વીનો પીએમ મોદી પર હુમલો,આ મેક ઈન ઈન્ડિયા નહીં, રેપ ઈન ઈન્ડિયા છે!

પટણા,

ઉત્તર પ્રદેશના ઉન્નાવ અને જમ્મુ-કશ્મીરના કઠુઆમાં પાછળા દિવસોમાં થયેલા ગેંગરેપની ઘટનાઓને લઈને આરજેડી નેતા તેજસ્વી યાદવે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઉપર મોટો હુમલો કર્યો છે. પ્રધાનમંત્રીની મહત્વાકાંક્ષી 'મેક ઈન ઈન્ડિયા' કાર્યક્રમને લઈને કશ કાઢતા તેજસ્વીએ ટ્વીટ કર્યુ કે આપળો દેશ 'મેક ઈન ઈન્ડિયા' થી 'રેપ ઈન ઈન્ડિયા' તરફ વધી રહ્યો છે. તેજસ્વીએ પ્રધાનમંત્રીથી સવાલો પૂછ્યાં કે બન્ને ભાજપ શાસિત રાજ્ય, ઉત્તર પ્રદેશ અને જમ્મુ કશ્મીરમાં બળાત્કારની ક્રૂર ઘટનાઓ ઘટી છે, તે છતા પણ ૫૬ની છાતી રાખનારા પ્રધાનમંત્રી મોદીએ ચૂપી કેમ સાધી છે? ભાજપ પર નિશાનો સાધતા તેજસ્વીએ કીધુ કે જો ઉન્નાવની બળાત્કાર પીડિતા અને કઠુઆ બળાત્કાર મૃતક ૮ વર્ષીય નાબાલિક બાળકી માનવની જગ્યાએ પશુઓની જેમ જન્મી હોત તો પ્રધાનમંત્રી મોદી અને ભાજપના અધ્યક્ષ અમિત શાહ તેમની માટે જરૂરથી કોઈ સહાય કરતા.

વીએચપીમાં ૫૨ વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર અધ્યક્ષની ચૂંટણી યોજાઈ,નવા અધ્યક્ષ પદે વિષ્ણુ સદાશિવ કોકજે

# VHPમાંથી તોગડિયાની 'એક્ઝિટ', મોદી જૂથનો વિજય

## ચૂંટણી માટે ૧૯૨ મત નાંખવામાં આવ્યા હતા,વિષ્ણુ સદાશીવ કોકજે ૧૩૧ તો તોગડિયા જૂથના રાઘવ રેડ્ડીને માત્ર ૬૦ મત મળ્યા

ન્યુ દિલ્હી,

દુનિયાભરમાં હિંદુત્વનો ઝંડો ઉઠાવનારી વિશ્વ હિંદુ પરિષદમાં અધ્યક્ષપદ માટે આજે પહેલી વાર વોટિંગથી ચૂંટણી થઇ. આ ચૂંટણીમાં વિષ્ણુ સદાશિવ કોકજે જીતી ગયા છે જ્યારે પ્રવીણ તોગડિયા ગ્રુપના રાઘવ રેડ્ડીની હાર થઇ છે. વિષ્ણુ કોકજે હિમાચલ પ્રદેશના ગવર્નર રહી ચૂક્યા છે. ઉલ્લેખનીય છે કે વીએચપીની સ્થાપના ૧૯૬૪માં થઇ હતી. જણાવવામાં આવે છે કે ઘણા પ્રસંગોએ પીએમ મોદી દ્વારા નિંદા કરવાને કારણે પ્રવીણ તોગડિયાથી આરએસએસ અને બીજેપીના ટોચના લોકો નારાજ છે.

વિષ્ણુ સદાશિવ કોકજે હિમાચલ પ્રદેશના પૂર્વ ગવર્નર તેમજ મધ્ય પ્રદેશ હાઈકોર્ટના પૂર્વ ન્યાયધીશ રહી ચુક્યા છે. ચૂંટણી પહેલા તોગડિયા કેમ્પ તરફથી આરોપ લગાવવામાં આવ્યો હતો કે કોકજેને હિન્દુત્વ સાથે કોઈ લેવા દેવા નથી. કોકજેનો જન્મ ૬ સપ્ટેમ્બર ૧૯૩૯ના રોજ મધ્ય પ્રદેશમાં થયો હતો. ઈન્દોરમાં એલએલબીનો અભ્યાસ કર્યા પછી ૧૯૬૪માં લોની પ્રેક્ટિસ શરૂ કરી હતી. આ એક સંયોગ છે કે આ જ વર્ષે વીએચપીની સ્થાપના થઈ હતી.

વિશ્વ હિન્દૂ પરિષદની આ ચુંટણીમાં ભારતના ૨૦૯ ડેલિગેટ અને ભારત બહારથી ૬૪ ડેલિગેટે મત આપ્યા હતા. ઉલ્લેખનીય છે કે પ્રવીણ તોગડિયા કેટલાય વર્ષોથી વિહિપ અધ્યક્ષ રહ્યા છે. કહેવાય છે કે તોગડિયા અને રાઘવ રેડ્ડી એકબીજાને સપોર્ટ કરતા હતા અને સંગઠન પર મજબૂત પકડ બનાવવાના સંભવ પ્રયાસ કરે છે.

પ્રવીણ તોગડિયાના ભાજપ અને આરએસએસ સાથેના સંબંધો ખરાબ થયા બાદ વીએચપીના આગામી આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ પર સૌની નજરો મંડાયેલી હતી. ચૂંટણી પહેલા તોગડિયાએ આરોપ લગાવ્યો હતો કે મતદાર યાદીમાં ૩૭ નકલી મતદારો છે. મહત્વનું છે કે પ્રવીણ તોગડિયા વિશ્વ હિંદુ પરિષદના કાર્યકારી અધ્યક્ષ હતા અને રાઘવ રેડ્ડી વીએચપીના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ હતા. બંનેનો કાર્યકાળ ગત વર્ષ પૂર્ણ થઈ ચુક્યો હતો. તોગડિયાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથેના સંબંધો ઠીક નથી. તેઓ સમયાંતરે મોદી સરકારની આકરી ટીકા કરતા રહ્યા છે. તેથી ભાજપ અને સંઘની ઈચ્છા છે કે ૨૦૧૯ને જોતા તોગડિયા વીએચપીના કાર્યકારી અધ્યક્ષ બને નહીં કારણ કે તેમના પદ પર ટકી રહેવાની સ્થિતિને સરકાર માટે યોગ્ય માનવામાં આવતી નથી.

૧૯૭૦ના દસકમાં ગુજરાતમાં રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘમાં પોતાની રાજકીય સફર કરનાર પ્રવિણ તોગડિયા અને નરેન્દ્ર મોદી ત્રણ દાયકા સુધી સાથે કામ કરતા ગયા પરંતુ ૨૦૦૧માં નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી થયા પછી મોદી અને તોગડિયામાં અંતર વધવાની શરૂઆત થઈ હતી. ૨૦૦૨ના તોફાન વખત સુધી તેઓ સાથે હતા પણ ત્યાર બાદ ઝડપથી તેઓ એકબીજાથી દુર જવા લાગ્યા હતા. નરેન્દ્ર મોદી વડાપ્રધાન થયા પછી તેઓ હિન્દુ એજન્ડા પ્રમાણે તેઓ કામ કરતા નથી તેવો પણ તોગડિયાએ તેમની ઉપર આરોપ મુકયો હતો. તોગડિયા અને મોદી વચ્ચે પડેલી તીરાડ સંધાય અને તેઓ સાથે કામ કરે તેવા સંઘ તરફથી થયેલા પ્રયત્ન નિષ્ફળ ગયા હતા.

આખરે નરેન્દ્ર મોદીએ વિશ્વ હિન્દુ પરિષદમાંથી પ્રવિણ તોગડિયાની હકાલપટ્ટી થાય તેવો તખ્તો ઘડયો હતો અને પહેલી વખત પરિષદના ઈતિહાસમાં ચૂંટણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો કારણે સદાશીલ કોકજેએ ઉમેદવારી કરતા બંધારણ અનુસાર ચૂંટણી કરવી પડે તેમ હતી. આખરે નરેન્દ્ર મોદી જીતી ગયા અને પ્રવિણ તોગડિયા હારી ગયા હતા. હવે પરિષદમાંથી પ્રવિણ તોગડિયાને તમામ જવાબદારીમાંથી મુકત કરી દેવામાં આવશે તે નક્કી જ છે અથવા પ્રવિણ તોગડિયાને નરેન્દ્ર મોદી તમામ શરતો માનવી પડશે તો જ તેમનું અસ્તીત્વ પરિષદમાં સંભવ છે.



ડો બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિતે અમદાવાદના સરંહપુર સર્કલ ખાતે આવેલી તેમની પ્રતિમાને મોટી સંખ્યામાં લોકોએ પુષ્પાનજલી અર્પી હતી. અનામત મુદ્દે પ્રવર્તમાન સ્થિતિને જોતા કોઈ અંનીચનીય બનાવ ન બને તે હેતુસર અહીં ઘનિષ્ટ સુરક્ષા બંદોબસ્ત ગોઠવાઈ ગયો હતો. જો કે દલિત સમાજના લોકોએ અહીં આવેલા કેટલાક રાજકીય નેતાઓ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા અને સૂચક પોસ્ટર્સ પણ પ્રદર્શિત કર્યા હતા.

તોગડિયાના મોદી અને ભાજપ પર ગંભીર આક્ષેપો

# પ્રવીણ તોગડિયા હવે ૧૭મીથી અમરણાંત ઉપવાસ પર ઉતરશે

## રામમંદિર, ગૌહત્યા રોકવા અને કોમન સિવિલ કોડ મુદ્દે સંસદમાં કાનૂન બનાવવા, હિન્દુની માંગ પૂર્ણ કરવા માંગ

અમદાવાદ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે પડેલા અને મોદીના ઈશારે વિશ્વ હિન્દુ પરિષદમાંથી બહુ ઠંડે કલેજે હટાવી દેવાયેલા પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ ડો.પ્રવીણ તોગડિયાએ આજે મીડિયા સમક્ષ જાહેરમાં આવી દેશના કરોડો હિન્દુઓ માટેની એક નવી અને મોટી લડાઈનું એલાન કર્યું હતું. જેમાં ડો.તોગડિયાએ તા.૧૭મી એપ્રિલ મંગળવારથી અમદાવાદમાં અચોક્કસ મુદતના અમરણાંત ઉપવાસ પર ઉતરવાની જાહેરાત કરી હતી. ડો.તોગડિયાએ બહુ સાફ શબ્દોમાં સીધી વાત કરી હતી કે, મોદી સરકાર રામમંદિર બનાવવા, ગૌહત્યા રોકવા અને કોમન સિવિલ કોડ મુદ્દે સંસદમાં કાનૂન બનાવે અને હિન્દુઓની માંગણી પૂર્ણ કરે. ડો.તોગડિયાએ વડાપ્રધાન મોદીને એક તબક્કે સીધો પડકાર ફેંકયો હતો કે, મોદીએ નક્કી કરવાનું છે કે, તેઓ સંસદમાં આ કાયદા બનાવી હિન્દુઓની સાથે રહેવા માંગે છે કે નહી. જો તેઓ સંસદમાં ઉપરોકત મુદ્દે કાનૂન નહી બનાવે તો તેઓ આ કાનૂન સંસદમાં બનાવડાવશે. તેમણે હિન્દુઓ માટેની આ રાષ્ટ્રવ્યાપી લડતમાં જોડાવા દેશના કરોડો હિન્દુઓને આહ્વાહન કર્યું હતું. તેઓ હવે વિશ્વ હિન્દુ પરિષદમાં નથી અને તેમને વિશ્વ હિન્દુ પરિષદ છોડવા માટે મજબૂર કરવામાં આવ્યાના ગંભીર આક્ષેપો કરતાં ડો.તોગડિયાએ જણાવ્યું હતુ કે, તેઓ છેલ્લા ૩૨ વર્ષોથી દેશના કરોડો હિન્દુઓનો અવાજ બુલંદ કરતા આવ્યા છે. હિન્દુઓની સેવા માટે ૪૦ વર્ષથી તેમણે પોતાનું વ્યકિતગત જીવન અને છેલ્લા ૧૨ વર્ષથી પોતાનું ઘર પણ છોડી દીધુ હતું. કરોડો હિન્દુઓનો અવાજ દબાવવાનો આજે ફરી એકવાર પ્રયાસ થયો અને મને વિશ્વ હિન્દુ પરિષદ છોડવા મજબૂર કરાયો છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને શાસક પક્ષ ભાજપ પર કેટલાક ગંભીર આક્ષેપો કરતાં જણાવ્યું હતુ કે, સત્તામાં મદમસ્ત બનીને બેઠેલા લોકો દ્વારા આ હીન કૃત્ય થઇ રહ્યું છે અને મને વિહિપ છોડવા મજબૂર કરાયો છે. મારી પાસે રેકોર્ડેડ એવીડેન્સ છે જેમાં મને કહેવામાં આવ્યું હતું કે, સંસદમાં રામમંદિરનો કાનૂન બનાવવાની માંગણી છોડી દો નહી તો, વિશ્વ હિન્દુ પરિષદ છોડી દો..હું સમય આવ્યે આ તમામ પુરાવા જાહેર કરીશ. પરંતુ ચાણકયએ કહ્યું છે કે, મોટી લડાઇ જીતવા માટે નાની લડાઈની હારમાંથી પસાર થવું પડે છે, તેથી ડો.તોગડિયાએ આ નાની લડાઈમાંથી પસાર થઈ રહ્યા છે. હવે વાત મોટી લડાઇ જીતવાની છે. તેમણે ઉમેર્યું હતું કે, હિન્દુઓની લાશો પર સત્તા મેળવનારા હવે હિન્દુઓની રામમંદિર, ગૌ હત્યા રોકવા અને કોમન સિવિલ કોડની માંગણીઓ ભૂલી જાય છે તે કેવી રીતે ચાલે. અમારી એક જ માંગણી છે કે, રામમંદિર, ગૌ હત્યા રોકવા અને કોમન સિવિલ કોડ મુદ્દે સંસદમાં તાત્કાલિક કાનૂન બનાવો અને હિન્દુઓની વર્ષો જૂની માંગ પૂરી કરો. ડો.પ્રવીણ તોગડિયાએ પોતાની નવી લડતની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, તેઓ કરોડો હિન્દુઓ, ખેડૂતો, મહિલાઓ અને યુવાઓની માંગણીઓ માટે તા.૧૭મી એપ્રિલથી અમદાવાદમાં અચોક્કસ મુદતના અમરણાંત ઉપવાસ પર બેસવાના છે. ૩૨ વર્ષથી ચાલી આવતી વિશ્વ હિન્દુ પરિષદની મારી યાત્રા બળજબરીપૂર્વક પૂર્ણ કરાવવા બદલ અને વિજય બદલ કોકજેજીને હું ધન્યવાદ પાઠવું છું. ૨૦૧૪માં મોદીજી સત્તામાં આવ્યા તે પહેલાં તેમને હિન્દુઓની અને મારી માંગણીઓ અને અવાજ સારા લાગતા હતા અને ૨૦૧૪માં સત્તામાં આવ્યા બાદ તેમને અમારો અવાજ અને માંગણીઓ ગમતા નથી.

## એકતરફી પ્રેમમાં પાગલ યુવકે યુવતિ પર કર્યો એસીડ હુમલો

અમદાવાદ,

અમદાવાદના જુના વાડજ વિસ્તારમાં આવેલ ગાંધીનગર ટેકરા ખાતે રહેતી એક યુવતિ અને તેના પરિવાર પર પડોશમાં રહેતા યુવકે એસીડ છાંટી હુમલો કરવાની ચકચારી ઘટના સામે આવી છે. આ એસીડ એટેકમાં યુવતિ અને તેના પરિવારજનો સામાન્ય રીતે દાઝી ગયા છે જેથી તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે, તેમજ વાડજ પોલીસે આ અંગે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ જુના વાડજ વિસ્તારમાં આવેલ ગાંધીનગર ટેકરાની લીલામાતાની ચાલીમાં અનુષ્કા (નામ બદલેલ છે) નામની યુવતિ પોતાના પરિવાર સાથે રહે છે. યુવતિ દવાખાનામાં નોકરી કરે છે. તેના પડોશમાં વિનોદ શ્રીમાળી નામનો યુવક રહે છે, જે દારુ અને જુગારની લત વાળો હોવાથી અવાર નવાર અનુષ્કાના ઘર નજીકથી પસાર થઈ ગંદા ઈશારા અને ચેનચાળા કરતો હતો. અનુષ્કાની માતાએ આ અંગે વિનોદને ઠપકો પણ આપ્યો હતો, ત્યારે ગત રાત્રે અનુષ્કા પરિવાર સાથે ઘરમાં સુઈ રહી હતી તે દરમિયાન વિનોદે ઘરે આવી ગાળાગાળી કરી દરવાજા પર લાતો મારવાનુ શરુ કર્યુ હતું.

૧ લાખ વિદ્યાર્થીને પ્રવેશનુ લક્ષ્યાંક

# આરટીઈ અંતર્ગત પ્રવેશ પ્રક્રિયા ૧૯ એપ્રિલથી શરુ

## શહેરી વિસ્તારમાં ૧.૬૦ લાખ અને ગ્રામ્ય વિસ્તારમાં ૧.૨૦ લાખ આવક મર્યાદા નક્કી કરવામાં આવી

અમદાવાદ,

ગરીબ અને વંચિત જુથના બાળકો પણ સારામાં સારુ શિક્ષણઆ મેળવે તે હેતુસર આરટીઈ કાયદો અમલી છે ત્યારે રાજયમાં એક લાખથી વધુ બાળકોને એડમિશન આપવાનો લક્ષ્યાંક સરકાર દ્વારા મુકવામાં આવ્યો છે. આગામી ૧૯ એપ્રિલથી ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી શરુ થશે. શિક્ષાના અધિકાર કાયદા અંતર્ગત ચાલુ વર્ષે આવક મર્યાદામાં ફેરફાર કરાયો છે. શહેરી વિસ્તારમાં વાલીઓ માટે આવક મર્યાદા ૧ લાખ ૬૦ હજાર જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં વાલીઓ માટે આવક મર્યાદા ૧ લાખ ૨૦ હજાર નક્કી કરાઈ છે. આ વર્ષે રાજ્ય સરકારે ૯૮૪૦ સ્કુલોમાં એક લાખ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો લક્ષ્યાંક રખાયો છે. ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા આગામી ૧૯મી એપ્રિલથી શરુ થવાની છે. જૂનના પ્રથમ સપ્તાહમાં તેને પૂર્ણ કરવાનો લક્ષ્યાંક શિક્ષણ વિભાગે સેવ્યો છે. અમદાવાદ શહેરી વિસ્તારની ૮૪૫ સ્કુલોમાં ૧૩ હજાર જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૮ હજારથી વધુ એમ કુલ ૨૧ હજાર જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનુ નક્કી કરવામાં આવ્યુ છે. જોકે ગત્ત વર્ષે ખોટા દસ્તાવેજો ઉભા કરીને અનેક લોકોએ એડમિશન લીધા હતા ત્યારે આ વર્ષે મામલતદાર અને ટીડીઓના જ આવકના પુરાવાઓ માન્ય રાખવાની જાહેરાત વિભાગે કરી છે. ખોટા દસ્તાવેજો રજુ કરી એડમિશન લેનાર ૫૩૪ ફરીયાદ શિક્ષણ વિભાગને મળી હતી. જેમાંથી ૧૯૪ જેટલા વાલીઓ સામે જે તે ડીઈઓ દ્વારા કાર્યવાહી કરાઈ હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

## મણિનગર એએમટીએસ ટર્મિનલનું સોમવારે લોકાર્પણ

અમદાવાદ,

એએમટીએસના સત્તાવાળાઓ દ્વારા છેવટે બે-ત્રણ મહિનાથી લોકાર્પણ માટે પ્રતિક્ષામાં રહેલા લાખો રૂપિયાના ખર્ચે નવા રંગરુપ અપાયેલા મણિનગર ટર્મિનસનું આગામી સોમવાર તા.૧૬ એપ્રિલે લોકાર્પણ કરાશે. આમ તો પાલડી ટર્મિનસને અદ્યતન બનાવ્યા બાદ આ ટર્મિનસ ઉતારુઓ માટે આજે પણ પુરેપુરુ ઉપયોગી બન્યુ નથી. કારણકે, તેનો અડધો હિસ્સો અગમ્ય કારણસર રાજસ્થાન એસટી નિગમને ફાળવી દેવામાં આવ્યો છે. બીજીબાજુ ઉતારુની સુવિધા માટેના શેલ્ટર સાથેના નવા બનાવાયેલા મણિનગર ટર્મિનસનું લોકાર્પણ ટલ્લે ચઢ્યુ હતું. જોકે હવે આગામી સોમવારે સવારે નવ વાગ્યે મેયર ગૌતમ શાહના હસ્તે નવનિર્મિત મણિનગર ટર્મિનસ ઉતારુઓ માટે ખુલ્લુ મુકાશે. તે જ દિવસે લાલદરવાજાથી મણિનગર પૂર્વ રેલવે સ્ટેશન વચ્ચે રુટ નંબર ૧૫૩/૧ને મેયર ગૌતમ શાહ, એએમટીએસના ચેરમેન ચંદ્રપ્રકાશ દવે વગેરે મહાનુભાવોના હસ્તે લીલીઝંડી આપવામાં આવશે. આશરે ૮ કિલોમીટર કરતા લાંબા રુટ પર હાલમાં એક બસ મુકાશે, જે ખમાસા, રાયપુર દરવાજા, રુટ આબાદ ડેરી, રામાનંદ કોટ, ખોખરા સર્કલ, લક્ષ્મિનારાયણ ટર્નિંગ અને રેલવે ક્રોસિંગ થઈ મણિનગર પૂર્વ રેલવે સ્ટેશન જશે. આ ઉપરાંત આજથી લાલદરવાજાથી ફતેહવાડી કેનાલ વચ્ચેના આશરે ૧૧ કિમી લાંબા રુટ પર નવો રુટ નંબર ૩૧/૧ શરુ કરાયો છે. આ રુટ પર એક બસ મુકાઈ છે, જે નહેરુબ્રિજ, વીએસ હોસ્પિટલ, પાલડી, ફતેહનગર, વાસણા, જુહાપુરા, અંબર ટાવર, કાદરી પાર્ટી પ્લોટ અને જૈતુન રેસીડેન્સી વચ્ચે દોડે છે.

એસીબીની તપાસમાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો

# જમીન વિકાસ નિગમ કાંડમા ભ્રષ્ટાચાર ચેઈનનો પર્દાફાશ

## ભ્રષ્ટાચારના કેસમાં પકડાયેલા તમામ અધિકારીઓ સામે કાયદા મુજબ પગલા લેવા ગુજરાત સરકારે ખાતરી આપી

અમદાવાદ,

ગાંધીનગરમાં આવેલી ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમની કચેરીમાં એસીબીના દરોડાના પગલે રાજયભરમાં મચી ગયેલા ખળભળાટ બાદ એસીબીના અધિકારીઓએ આગળ ધપાવેલા તપાસના દોરમાં કેટલાક ચોંકાવનારા ખુલાસા અને માહિતીઓ પણ સામે આવી છે. જેમાં એવો ચોંકાવનારો ઘટસ્ફોટ સામે આવ્યો છે કે, ગુજરાત રાજયમાં આવેલી જમીન સંપાદનની કચેરીઓના ઓફિસરો સરકારી ગ્રાન્ટના પૈસા મંજૂર કરવા માટે લોકો પાસેથી પૈસા લેતા હતા. આ પૈસા આખી ચેઈન મારફતે મેનેજિંગ ડિરેક્ટર કે.એસ.દેત્રોજા સુધી પહોંચતા હોવાનો પણ ઘટસ્ફોટ તપાસમાં થયો છે. આટલું જ નહીં આ સમગ્ર કૌભાંડ છેલ્લા બે વર્ષથી ચાલતું હતું. બીજીબાજુ, રાજય સરકાર દ્વારા સાફ સંકેત આપી દેવાયા છે કે, ભ્રષ્ટાચારના ચકચારભર્યા કેસમાં સંડોવાયેલા આ તમામ અધિકારીઓ વિરૂધ્ધ કાયદાનુસાર અને ખાતાકીય પગલાં, સસ્પેન્શન સહિતની કાર્યવાહી કરવામાં આવશે.

ગાંધીનગરની ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમની કચેરીમાં બે દિવસ પહેલાં એસીબીના અધિકારીઓએ દરોડા પાડયા હતા, જેમાં મેનેજિંગ ડિરેક્ટર ડો.કે.એસ.દેત્રોજા, જોઈન્ટ ડાયરેક્ટર કે.સી.પરમાર, મદદનીશ નિયામક એમ.કે.દેસાઇ, ફિલ્ડ સુપરવાઈઝર એસ.એમ.વાઘેલા અને કંપની સેક્રેટરી એસ.વી.શાહ પાસેથી રોકડા રૂ.૫૬.૫૦ લાખ મળી આવ્યા હતા. બીજા દિવસે સાબરકાંઠા, પાટણ સહિતની અન્ય કચેરીઓ અને આરોપી અધિકારીઓના નિવાસસ્થાન પર દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં અધિકારી એમ.કે.દેસાઇના ઘરેથી વધુ રૂ.૬૩ લાખ અને પાંચેયના ઘરેથી રૂ.૫૬ લાખનું રાચરચિલું મળી આવ્યું હતું. જેના આધારે એસીબીએ પાંચેય વિરુદ્ધ ગુનો નોંધી તેમની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે. એસીબીના અધિકારીઓએ આરોપી અધિકારીઓની ઓફિસ, નિવાસસ્થાનેથી કોમ્પ્યુટર, સીપીયુ, પેન ડ્રાઇવ, હાર્ડડિસ્ક સહિતનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો છે. આરોપીઓ પાસેથી ભ્રષ્ટાચાર આચરી મેળવાયેલા લાખો રૂપિયા ગણવા માટે એસીબીના અધિકારીઓને પૈસા ગણવાના મશીન લગાવવા પડયા હતા. આ સમગ્ર ભ્રષ્ટાચારના કૌભાંડમાં એસીબીએ હાથ ધરેલી ઝીણવટભરી તપાસમાં એવો ચોંકાવનારો ઘટસ્ફોટ સામે આવ્યો હતો કે, આ સમગ્ર કૌભાંડ અને ભ્રષ્ટાચારની ચેઈન રાજયવ્યાપી ધોરણે ચાલતુ હતું, જેમાં રાજયમાં આવેલી જમીન સંપાદનની કચેરીઓના ઓફિસરો સરકારી ગ્રાન્ટના પૈસા મંજૂર કરવા માટે લોકો પાસેથી પૈસા લેતા હતા. આ પૈસા આખી ચેઈન મારફતે મેનેજિંગ ડિરેક્ટર કે.એસ.દેત્રોજા સુધી પહોંચતા હતા. એસીબીના ઈતિહાસમાં આ સૌથી મોટી રેડ ગણાય છે અને ભ્રષ્ટાચારના કૌભાંડની ગંભીરતા ધ્યાને લઈ સરકારે પણ સાફ કરી દીધુ હતું કે, આ ગુનામાં સંડોવાયેલા તમામ અધિકારીઓ વિરૂધ્ધ કાર્યવાહી, સસ્પેન્શન સહિતના પગલાં લેવાશે.

## મિલક જાહેર ન કરતા ત્રણ હજાર કર્મીના પગાર અટક્યા

અમદાવાદ,

ગુજરાતમાં પ્રથમ વખત સરકારી કર્મચારીઓના પગાર અટકાવવાની ઘટના સામે આવી છે. રાજ્ય સેવા નિયમ અંતર્ગત ગુજરાત સરકારના કર્મચારીઓ પર આ કાર્યવાહી કરવામાં આવી છે. નિયમ મુજબ કર્મચારીઓએ દર વર્ષે સરકાર સમક્ષ પોતાની મિલ્કત જાહેર કરવાની હોય છે જેની સમય મર્યાદ પૂરી થવ છતાં કેટલાક કર્મચારીઓએ પોતાની મિલકત જાહેર ન કરતા આવા કર્મચારીઓ સામે સરકારે પગલા લીધા છે. સરકારે કર્મચારીઓને પોતાની મિલકત જાહેર કરવા માટે ૩૧ માર્ચ ૨૦૧૮ સુધીની મુદ્દત આપી હતી. જોકે સરકારી કર્મચારીઓએ આ મુદતને નજરઅંદાજ કરી છે. જેથી સરકારે કડક પગલુ ભરતા ૩ હજાર જેટલા સરકારી કર્મચારીઓના પગાર અટકાવી દીધા છે. સરકારે તમામ ક્લાસ-૧ અને ક્લાસ-૨ અધિકારીઓને મિલકત જાહેર કરવા માટે આદેશ આપ્યો છે. જે કર્મચારીઓના પગાર અટક્યા છે તેમાં મહેસુલ, શિક્ષણ અને પોલીસ વિભાગના કર્મચારીઓની સંખ્યા સૌથી વધુ છે. કર્મચારીઓએ પોતાની મિલકત જાહેર કરવા માટે સરકારે નક્કી કરેલ ફોર્મેટમાં ફોર્મ ભરવાનુ હોય છે.

જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ
મેનેજિંગ તંત્રી : મિનાક્ષી રાવલ

ગાંધીનગર મુખ્ય કાર્યાલય
બ્લોક - ૬૭૭/૨, 'ઘ' ટાઈપ,
સેકટર-૮, ગાંધીનગર
ફોન : +91-79-23238022
ફેક્સ : +91-79-23238022
મો. : +91- 9537656922
મો. : +91- 98246 53073

ગાંધીનગર શહેર, જિલ્લા તેમજ અમદાવાદ શહેર અને જિલ્લાના સમાચારો જાહેરખબર તેમજ કોપી મેળવવા ગાંધીનગર તથા અમદાવાદ કાર્યાલયની મુલાકાત લેવી.

એડીટોરીયલ ચીફ :
બકુલ એ. રાવલ

અમદાવાદ મુખ્ય કાર્યાલય
૨૧, અનંત એપાર્ટમેન્ટ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે, માનવમંદિર, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
(મો) ૯૮૨૪૦ ૯૬૨૫૦

સહતંત્રી : નિલેશભાઈ રાવલ
૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧
(મો) ૯૩૨૭૦ ૮૫૫૨૪

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩ ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યુ.

'જન ફરિયાદ'માં પ્રસિદ્ધ થતાં તમામ સમાચારો, ફરિયાદો, કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેષબુદ્ધિ વગર માત્ર જ છાપવામાં આવે છે. તેમ છતાં પ્રગટ થયેલ લખાણમાં હકીકત દોષ કે ખરેખર અન્યાય થયો હોય તો લાગતા વળગતાઓએ પુરાવા સાથે ધ્યાન દોરવું જેથી યોગ્ય કરવામાં આવશે. પ્રતિનિધિઓને કે કોઈપણ વ્યક્તિએ પુરાવા સાથે ફરિયાદો કે સમાચાર મોકલવાના રહેશે. તે વગર છપાશે નહિ. પ્રસિદ્ધ થયેલ સમાચાર ફરિયાદો વગેરે માટે લખનાર જવાબદાર ગણાશે અને જનફરિયાદ કોઈપણ રીતે જવાબદાર નથી. કોઈપણ જાતના વાદવિવાદ, તકરાર કે કાયદાકીય ગૂંચ માટેનું કાર્યક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે. - તંત્રી

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001